# હાઉન્સલો હોમ્સની નેબરહૂડ વોર્ડન સ્કીમ

## સલામતીભર્યાં જનસમાજનું નિર્માણ કરવું

‘હાઉન્સલો હોમ્સની નેબરહૂડ વોર્ડન સ્કીમ’ - આ યોજના હાઉન્સલો હોમ્સ તરફથી પ્રબંધ કરવામાં આવે છે અને તેને આ સંસ્થાઓ તરફથી સહાયતા કરવામાં આવે છે : લંડન બરો ઓફ હાઉન્સલો, હાઉન્સલો પોલીસ અને થેમ્સ વેલી હાઉસીંગ એસોસિએશન. સ્કીમ (યોજના)નો હેતુ છેઃ

- સુધારા કરવા અને તમારી સ્થાનિક નેબરહૂડ (આજુબાજુમાં રહેતી વસ્તી)ને સલામત રાખવી
- ગુનાનો ડર ઓછો કરવો
- સમાજ-વિરોધી વર્તણૂકને ઓછું કરવું જેમાં પરેશાની, જાતિગત પજવણી, ઘોંઘાટ/ખળભળાટ મચાવો, વગેરે સામેલ છે

નેબરહૂડ વોર્ડન જનસમાજ (કમ્યૂનિટી)ને બીજી રીતે પણ મદદ કરે છેઃ આનંદપ્રમોદના દિવસ માટે સહાયતા કરવી, સમારકામની જાણ કરવી, તજાયેલી ગાડીઓની જાણ કરવી, પર્યાવરણમાં સુધારણાની ભલામણ કરવી અને એમરજન્સીઓમાં મદદ કરવી.

આ સ્કીમમાં ૩૨ એસ્ટેટ જે સામેલ થયેલ છે તેઓની પસંદગી, સમાજ-વિરોધી વર્તણૂક, ગુના અને સામાજિક હાનિ કે તકલીફનું સ્તર કેટલું છે તેના પ્રમાણે થયેલ છે. બીજા એસ્ટેટ કદાચ આમાં સામેલ કરવામાં આવે જો સમાજ-વિરોધી વર્તણૂક અને ગુના વધી જાય અને વધારાની સલામતીની જરૂરત રહે. હાઉન્સલો હોમ્સની, તાબડતોબ જવાબ આપતી નેબરહૂડ વોર્ડનની સેવાથી બધાં એસ્ટેટને ફાયદો થઇ શકે છે. આ સેવાનો મતલબ છે ક વખતો વખત ટૂંકા ગાળા માટે બીજા એસ્ટેટમાં જયાં ખાસ મુદ્દાઓનો જવાબ દેવો જરૂરી છે ત્યાં વોર્ડન હાજર રહેશે. નીચે જણાવેલ મુખ્ય એસ્ટેટમાં નેબરહૂડ વોર્ડનો પગે ચાલીને અને ખાસ દેખાઈ એવી વાનમાં દરરોજના બપોરના ૩.૦૦થી સાંજના ૧૧.૦૦ વાગ્યા સુધી વધુ ચોકીપહેરો કરશેઃ (*મુખ્ય એસ્ટેટો એ છે જેમાં વોર્ડનની હાજરી અઠવાડિયાના ૭ દિવસ બપોરના ૩.૦૦થી ૧૧.૦૦ સુધી હોય*)

- ઓરિયલ એસ્ટેટ
- કોન્વેન્ટ વે
- બીવર્સ એસ્ટેટ
- હેવરફીલ્ડ એસ્ટેટ
- બ્રેન્ટફર્ડ ટાવર્સ
- આઈવીબ્રિજ

કામ માટ મહેરબાની કરી તમારા સ્થાનિક હાઉસીંગ ઓફિસરનો સંપર્ક ચાલું રાખશો. તે વોર્ડનની ટીમ સાથે તેમજ બીજી સંસ્થાઓ સાથે ભેગાં થઈને તમારા નેબરહૂડમાં ગુના અને બીક ઘટાડવા માટે, હળીમળીને કામ કરશે.

**અમારી એસ્ટેટને સલામત રાખવા અને રહેવા માટે સ્વચ્છ જગ્યા બનાવવામાં મદદરૂપ થવા, તમારો સહકાર અને સહાયતાની જરૂર છે.**

મહેરબાની કરી અહિંયા જણાવેલી કોઈ પણ સમસ્યાઓ હોય તે તમારી સ્થાનિક હાઉસીંગ ઓફિસમાં જાણ કરો જેવી કેઃ સમાજ-વિરોધી વર્તણૂક, ગ્રેફિટી (ખરાબ લખાણ કે ચિત્રામણ), જાતિગત પરેશાની, યુવા લોકોનો તોફાન કે ખળભળાટ મચાવવો, તજાયેલી ગાડીઓ, ભાંગફોડ, ઘોંઘાટ અને કચરો નાખવો, વગેરે.

- સેન્ટ્રલ એરિયા (020) 8583 4382 અથવા મિનિકોમઃ (020) 8583 3959
- ઈસ્ટ એરિયા (020) 8583 4220 અથવા મિનિકોમ ચિઝિક ઓફિસઃ (020) 8583 4220 અથવા મિનિકોમ બ્રેન્ટફર્ડ ઓફિસઃ (020) 8583 4390
- વેસ્ટ એરિયા (020) 8583 4383 અથવા મિનિકોમઃ (020) 8583 4387

જો તમને હાઉન્સલો હોમ્સની નેબરહૂડ વોર્ડન સ્કીમની, માહિતી ગુજરાતીમાં જોઈતી હોય અથવા બીજા રૂપમાં જોઈતી હોય તો, મહેરબાની કરી આ નંબર પર ટેલિફોન કરોઃ 020 8583 2299 અથવા મિનિકોમ છેઃ 020 8583 3122